



Year : 14, Issue : 286, Dt.22-01-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# પાંચ દાયકાની પ્રતિક્ષા બાદ અયોધ્યામાં જન્મભુમિ પર રામલલ્લા ફરી બિરાજમાન



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્નઃ સમગ્ર દેશમાં દિવાળીનો માહોલ, આખી રામનગરીએ અદ્‌ભૂત શણગાર સજ્યોઃ વિશ્વભરના કરોડો લોકો આ ઐતિહાસિક અવસરના સાક્ષી બન્યાઃ આરએસએસના વડા મોહન ભાગવત, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ સહિત ટોચના નેતાઓ, બિઝનેસ ટાયકુન, ફિલ્મસ્ટાર, રમત-જગતની હસ્તીઓ સહિત નામાંકિત વ્યક્તિઓની ઉપસ્થિતિ**









**મુખ્ય સમાચાર, અયોધ્યા**


દેશમાં આજે ધર્મ, આધ્યાત્મિકતા અને સંસ્કળતિનો નવો સૂર્યોદય થયો છે અયોધ્યામાં શ્રી રામ મંદિરના ઉદઘાટન અને રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા સાથે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૨નો દિવસ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં નોંધાશે. આજના દિવસે દેશના બહુમતી હિન્દુ સમુદાયનું ૫૦૦ વર્ષ જૂનું સ્વપન સાકાર થયું છે આ સ્વપનનો પાયો હિંદુ સમુદાયના દાવા દ્વારા નાખવામાં આવ્યો હતો કે મુગલ સમ્રાટ બાબરના સેનાપતિ મીર બાકી દ્વારા ૧૫૨૮માં અયોધ્યામાં જે વિવાદિત સ્થળ પર મસ્જિદ બનાવવામાં આવી હતી તે ભગવાન રામનું જન્મસ્થળ છે. પહેલા ત્યાં એક પ્રાચીન મંદિર હતું. આ વિવાદ સિવિલ અને હાઈકોર્ટમાંથી પસાર થઈને સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. રામ મંદિર ૯ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેંચ દ્વારા સરકારની તરફેણમાં નિર્ણય આવતાં જ સપનું સાકાર કરવાનો પહેલો અંકુર ફૂટયો. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા આગળનો માર્ગ તૈયાર કરવામાં આવ્યો.

અયોધ્યાના રામ મંદિરમાં રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ પૂર્ણ થઇ ગઇ છે. પ્રભુની પૂર્ણ પ્રતિમા અને ભવ્ય શૃંગાર સાથે પ્રથમ દર્શન આજે દેશ સહિત દુનિયાભરના ભકતોને કરવામાં આવ્યા છે. આ પહેલા વડાપ્રધાન મોદી મંદિરના ગર્ભગૃહમાં પહોંચ્યા અને પ્રાણ પ્રતિષ્ઠા પુજાની પ્રતિજ્ઞા લીધી અને ત્યારબાદ વિધિવત રીતે પુજા શરૂ કરવામાં આવી હતી. ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ઉપરાંત ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગીઆદિત્યનાથ, રાજયપાલ આનંદીબેન પટેલ, સંઘ વડા મોહન ભાગવત, રામ મંદિરના કોષાધ્યક્ષ ગોવિંદદેવગીરીજી તથા સંતો અને પુજારીઓ ઉપસ્થિત રહેલ હતા. ૮૪ સેકન્ડના અભિજીત મુહૂર્તમાં અંજનશલાકા કર્યા બાદ પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ વડાપ્રધાન મોદીના હસ્તે પૂર્ણ થઇ હતી. આજે સવારે મંગલ ધ્વનિથી સમારોહ પ્રારંભ થયો હતો. વડાપ્રધાન મોદી ક્રિમ કુર્તા, ધોતી અને કોટી સાથે ખેસ પહેરી અયોધ્યા મંદિરે પહોંચ્યા હતા અને સમગ્ર પુજાવિધિ તેઓ દ્વારા કરવામાં આવી હતી. જે સમયે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ચાલી રહી હતી ત્યારે આર્મીના હેલીકોપ્ટરે રામ મંદિર પર પુષ્પવર્ષા કરી હતી.

અયોધ્યામાં રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંતોના આશીર્વાદ લીધા હતા અને મંચ પરથી સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યાના આંગણેથી કહ્યું કે, હું ગર્ભગૃહમાંથી ઈશ્વરિય ચેતનાનો સાક્ષી બનીને આવ્યો છું. ઘણું કહેવું છે પણ મન અવરોધે છે. શરીર સ્પંદિત છે. આપણા રામલલ્લા હવે ટેન્ટમાં નહીં રહે. આપણા રામલલ્લા દિવ્ય મંદિરમાં રહેશે. મને વિશ્વાસ છે, અપાર શ્રદ્ધા છે કે જે ઘટિત થયું છે તેની પ્રતિતિ રામ ભક્તોને થઈ રહી હશે. આ પળ પવિત્ર છે. ક્ષણ અલૌકિક છે. આ ઘડી પ્રભુ રામના આપણા પર આશીર્વાદ છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪નો સૂરજ આપણા માટે અદભૂત આભા લઈને આવ્યો છે. આજે એ તારીખ નથી, નવા કાળચક્રનું ઉદ્‌ગમ છે. આજથી હજાર વર્ષ પછી પણ લોકો આજની તારીખની ચર્ચા કરશે. આ મોટી રામકૃપા છે કે આપણે આ પળને જીવી રહ્યા છીએ. સાક્ષાત ઘટિત થતાં જોઈએ છીએ. દિશાઓ, દિગંત દિવ્યતાથી પરિપૂર્ણ છે. આ સમય સામાન્ય નથી, કાળચક્ર પર અંકિત થઈ રહેલી અમિટ સ્મૃતિ રેખાઓ છે. જ્યાં રામનું કામ હોય છે ત્યાં પવનપુત્ર હનુમાન બિરાજમાન હોય છે.


આ પ્રસંગે ગોવિંદદેવગીરીજી મહારાજે જણાવ્યું હતું કે આજનો દિવસ કૃતજ્ઞતાથી ભરેલો છે. રાષ્ટ્ર અને વિશ્વ આજે અલૌકિક ક્ષણના સાક્ષી છે. આ મૂર્તિની પ્રતિષ્ઠા નથી પણ દેશના સ્વાભિમાનની ગરિમા છે. વર્ષોથી આ ક્ષણ માટે રાહ જોતા હતા. કોઈ એક વિભૂતિના કારણે યુગ પરિવર્તિત થઈ જાય છે. આવા જીવન સાધક વડાપ્રધાન મળ્યા છે. આ માત્ર આ દેશનું નહીં, વિશ્વનું સૌભાગ્ય છે કે આપણને રાજદર્શી પ્રાપ્ત થયા. મને એ વાતનું આશ્ચર્ય થયું કે, પ્રાણ પ્રતિષ્ઠા માટે પોતે શું શું સિદ્ધ કરવું પડે, તેની નિયમાવલી માકલો. આવી વાત બહુ સારી કહેવાય. અમે ત્રણ દિવસના ઉપવાસ કરવાનું કહેલું પણ એમણે ૧૧ દિવસના પૂર્ણ ઉપવાસ કર્યા.

## પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સંતો, બિઝનેસમેન, સેલિબ્રિટીઝ હાજર રહ્યા



અયોધ્યાના રામમંદિરમાં સોમવાર, ૨૨ જાન્યુઆરીના રોજ રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેમાં દિગ્ગજ ઉદ્યોગપતિઓ, બોલિવૂડ અને સાઉથની ઘણી હસ્તીઓ અને સંતોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, મુકેશ અંબાણી અને પત્ની નીતા, અનિલ અંબાણી અને સાઉથના સ્ટાર્સ ચિરંજીવી-રામચરણે હાજરી આપી હતી. બાબા રામદેવ બાગેશ્વર ધામના કથાકાર ધીરેન્દ્ર શાસ્ત્રી સાથે જોવા મળ્યા હતા. તે જ સમયે, કેટરિના કૈફ અને પતિ વિકી કૌશલ, આલિયા ભટ્ટ-રણબીર કપૂર, માધુરી દીક્ષિત અને તેમના પતિ ડો. શ્રીરામ નેનેએ પણ સમારોહમાં હાજરી આપી હતી. ગર્ભગૃહમાં સ્થાપિત રામલલ્લાની પ્રતિમા બનાવનાર શિલ્પકાર અરૂણ યોગીરાજે પણ સમારોહમાં હાજરી આપી હતી. તેમણે કહ્યું- હું દુનિયાનો સૌથી ભાગ્યશાળી વ્યક્તિ છું.

## રામનગરીમાં રાત્રે અદ્‌ભૂત પ્રકાશનો માહોલઃ અયોધ્યા રાત્રિના જાગ્યુ



ભગવાન શ્રીરામની જન્મભૂમી અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે ઉલ્લાસ ચરમસીમાએ પહોંચ્યો હતો. દિવસ અને રાતનો ભેદ ખત્મ થઈ ગયો હતો રાત્રે પણ રોશનીનો ઉજાસ પથરાયેલો હતો.આખી રાત અયોધ્યા જાગ્યુ હોવાનો અને ભગવાન શ્રીરામને આવકારવા ઉત્સુક રહ્યાનો ઘાટ સર્જાયો હતો. ચારે કોર-દરેક દિશામાં રામધુનની ગુંજ હતી. જુદા જુદા રંગ-રૂપ-સ્વરૂપ અને પહેરવેશમાં લોકો નજરે ચડયા હતા. રામ કે આગમન સે સજી અયોધ્યા જેવા શબ્દો સાથેના ભજનો તથા રામધુમ આખી રાત ચાલુ રહી હતી અને ભકતો રામનામમાં લીન બની રહ્યા હતા. અલૌકિક વાતાવરણ સર્જાયુ હતું. ભગવાન શ્રીરામને વધાવવા માટે આખી રાત લોકોની આતુરતા ખતમ થયા બાદ આજે સાંજે પણ દિવ્ય વાતાવરણ સર્જાવાનુ છે.પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયા બાદ આજે સાંજે અયોધ્યાનગરી ૧૦ લાખ દિવડાઓથી ઝગમગાટ છે. અયોધ્યાનાં પૂર્વ રાજાનું ભવ્ય આવાસ રાજસદન તમામ મંદિરો અને ઘર-ઈમારતોમાં રોશનીનો ઝગમગાટ હોવાથી રામ દિપાવલીનો માહોલ રહ્યો છે. સમગ્ર અયોધ્યાને આકર્ષક રીતે સજાવવામાં આવી છે. ખાસ કરીને રામપથ અને ધર્મપક્ષની સજાવટ અદભુત છે. અયોધ્યામાં મકાનો, દુકાનો, પ્રતિષ્ઠાનો તથા પૌરાણીક સ્થળોએ રામજયોતિ પ્રજજવલીત કરવામાં આવી હતી. પવિત્ર સરયુ નદીના તટો માટીથી બનેલા દિવડાઓનાં દીપથી પ્રજજવલીત બનશે.પ્રાણ પ્રતિષ્ઠા બાદ રામજયોતિ પ્રજજવલીત કરીને દિવાળી મનાવવામાં આવશે.

# વન નેશન વન ઈલેકશન પર ૨૧ હજાર સુચનો મળ્યા

## ૮૧ ટકા લોકો પક્ષમાંઃ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં કમિટી કાર્યરત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વન નેશન વન ઈલેક્શન પર પૂર્વ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદની અધ્યક્ષતામાં બનેલી કમિટીને લોકો પાસેથી લગભગ ૨૧,૦૦૦ સૂચનો મળ્યા છે. તેમાંથી ૮૧ ટકા લોકો એક સાથે ચૂંટણીના વિચાર સાથે સહમત થયા છે. કમિટીએ રવિવારે આપેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૪૬ રાજકીય પક્ષો પાસેથી પણ સૂચનો મંગાવવામાં આવ્યા છે. 'અત્યાર સુધી, ૧૭ રાજકીય પક્ષો તરફથી સૂચનો પ્રાપ્ત થયા છે.'




કોંગ્રેસ અને ટીએમસી સહિત તમામ વિપક્ષી દળોએ એક સાથે ચૂંટણી કરાવવાના વિચારનો વિરોધ કર્યો છે.

વાસ્તવમાં, ૫ જાન્યુઆરીએ, સમિતિએ દેશમાં એકસાથે ચૂંટણી યોજવા માટે વર્તમાન કાયદાકીય-વહીવટી માળખામાં યોગ્ય ફેરફારો કરવા માટે નાગરિકો પાસેથી સૂચનો આમંત્રિત કરતી જાહેર સૂચના બહાર પાડી હતી.

કોવિંદના નેતૃત્વમાં ગત વર્ષે સપ્ટેમ્બરમાં રચાયેલી સમિતિએ રવિવારે તેની ત્રીજી બેઠક યોજી હતી. 'કુલ ૨૦,૯૭૨ પ્રતિસાદ પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૮૧ ટકાએ એક સાથે ચૂંટણીના વિચારને સમર્થન આપ્યું હતું,' સમિતિએ તેની બેઠક પછી જણાવ્યું હતું.

પેનલની રવિવારની બેઠકમાં રાજયસભાના ભૂતપૂર્વ વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદ, કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ, ૧૫મા નાણાં પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ એનકે સિંહ, ભૂતપૂર્વ લોકસભા મહાસચિવ સુભાષ સી કશ્યપ અને ભૂતપૂર્વ મુખ્ય તકેદારી કમિશનર સંજય કોઠારીએ હાજરી આપી હતી. સમિતિએ ચૂંટણી પંચના સૂચનોની પણ નોંધ લીધી હતી. સમિતિ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પેનલ ૨૭ જાન્યુઆરીએ ફરીથી મળશે. સમિતિએ એક સાથે ચૂંટણી યોજવા અંગે કાયદા પંચના મંતવ્યો સાંભળ્યા છે. આ મુદ્દે ફરીથી લો પેનલ બોલાવી શકાય છે.

# આવકવેરામાં રાહતની આશાઃ સરકાર મહિલાઓ માટે કેટલીક અલગ ટેકસ છૂટ આપે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકાર ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ આગામી નાણાકીય વર્ષ માટે વચગાળાનું બજેટ રજૂ કરશે. બજેટમાં, ખાસ કરીને કામ કરતા લોકો, તેમની નજર મુખ્યત્વે આવકવેરાના મોરચે જાહેરાતો અને રાહતો પર છે. આ અંગે અર્થશાષીઓના મત અલગ અલગ છે. કેટલાક લોકોનું કહેવું છે કે સરકાર સામાન્ય ચૂંટણી પહેલા રજૂ કરવામાં આવેલા વચગાળાના બજેટમાં સ્ટાન્ડર્ડ ડિડક્શનની રકમ વધારીને આવકવેરાદાતાઓને રાહત આપી શકે છે અને મહિલાઓ માટે અલગથી કરમુક્તિ આપી શકે છે. જોકે, કેટલાક એવું પણ માને છે કે આ વચગાળાનું બજેટ છે. આવી સ્થિતિમાં



આવકવેરાની બાબતમાં કોઈ ફેરફારની અપેક્ષા નથી. નાણાપ્રધાન સીતારમણ ૧ ફેબ્રુઆરીએ લોકસભામાં ૨૦૨૪-૨૫નું વચગાળાનું બજેટ રજૂ કરશે. આ તેમનું છઠ્ઠું બજેટ છે.

સેન્ટર ફોર ડેવલપમેન્ટ સ્ટડીઝના અધ્યક્ષ સુદીપ્તો મંડલે કહ્યું કે વચગાળાના બજેટમાં કામકાજના લોકો અને મધ્યમ વર્ગને આવકવેરાના મોરચે થોડી રાહત મળી શકે છે. સ્ટાન્ડર્ડ ડિડક્શનની રકમ વધારીને થોડી રાહત મળવાની અપેક્ષા છે. પરંતુ, એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગ આવકવેરો ચૂકવતો નથી. હાલમાં સ્ટાન્ડર્ડ ડિડક્શન હેઠળ ૫૦,૦૦૦ રૂપિયાની છૂટ છે.કરદાતાઓને રાહત સંબંધિત એક પ્રશ્નના જવાબમાં લખનૌના ગિરી વિકાસ અધ્યાયન સંસ્થાનના નિર્દેશક પ્રમોદ કુમારે કહ્યું કે, આ અંગે કંઈપણ કહેવું મુશ્કેલ છે. આર્થિક પરિબળો ઉપરાંત, તે અન્ય ઘણી બાબતો પર પણ આધાર રાખે છે. જો કે, સામાન્ય ચૂંટણી પહેલા આ વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે તે જોતાં કરદાતાઓના મત આકર્ષવા માટે કેટલીક છૂટછાટો આપવામાં આવી શકે છે.

# જામનગરના ગુલાબનગર સામે જુગાર રમતા સાત પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગુલાબનગર વિસ્તાર સામે નદીના કાંઠે ચલણી સિક્કો ઉછાળી જુગાર રમી રહેલા સાત શખ્સને પોલીસે દબોચી લીધા હતા. રૂા.૧૭,૪૫૦ રોકડા કબજે કરાયા છે.જામનગરના ગુલાબનગર વિસ્તારમાં પોલીસચોકી પાછળ આવેલા દેવીપૂજકવાસમાં નદી કાંઠે કેટલાક શખ્સો ચલણી સિક્કો ઉછાળી જુગાર રમતા હોવાની બાતમી સિટી-એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફના આર.એ. જાડેજા,




એમ.એલ. જાડેજાને મળતા પીઆઈ એન.એ. ચાવડાને વાકેફ કરાયા પછી પીએસઆઈ એમ.એન. રાઠોડ તથા સ્ટાફે ત્યાં દરોડો પાડ્યો હતો.

આ સ્થળે જુગાર રમતા મોહસીન અનવરખાન પઠાણ, હિતેશ છોટુભાઈ ગોદળીયા, પ્રકાશ સવજીભાઈ નકુમ, અનવરખાન સરદારખાન પઠાણ, યુસુફ ઓસમાણ શેખ, ફિરોઝ સીદીક કાજી, અફઝલ હુસેન ખીરા નામના સાત શખ્સ મળી આવ્યા હતા. પોલીસે રૂા.૧૭,૪૫૦ રોકડા તથા એક સિક્કો કબજે કર્યો છે.

# જામનગર તાલુકા તથા ખંભાળિયાના ગ્રામ્ય પંથકોમાંથી ઝડપાઈ ૪૩ લાખની વીજચોરી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકા તથા ખંભાળિયા તાલુકામાં કરાયેલા વીજ ચેકીંગમાં રૂપિયા ૪૩ લાખ ૩૯ હજારની વીજચોરી પકડાઈ ગઈ હતી.જામનગરની સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા જામનગર તાલુકાના ગ્રામ્ય પંથક તથા ખંભાળિયા પંથકમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રૂા.૪૩ લાખ ૩૯ હજારની વીજચોરી ઝડપાઈ ગઈ હતી.વીજ અધિકારીઓના વડપણ હેઠળની ૪૪ ટૂકડીઓ જામનગર તાલુકાના મોટા થાવરીયા, નાની માટલી, હાપા, ખીમલીયા, ઠેબા, વિજરખી, સુવરડા વગેરે ગામોમાં ચેકીંગ માટે દોડી ગઈ હતી. તે ઉપરાંત ખંભાળિયા તાલુકાના સલાયા, ચુડેશ્વર, ગોઈંજ, સીમાણી કાલાવડ સહિતના ગામોમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું.

# મોરબીના અનસ્ટોપેબલ વોરિયર્સ NGO દ્વારા દ્વિતિય સર્વ જ્ઞાતિય સમૂહ લગ્ન યોજાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની અનસ્ટોપેબલ વોરીયર્સ ટ્રસ્ટ એક એવી સંસ્થા છે જે સમતા,સમાનતા,એકતા, બંધુતા અને ભાઈચાર સાથે કામ કરી રહી છે. ત્યારે મોરબીના રવાપર-ઘુનડા રોડ પર આવેલા રામેશ્વર ફાર્મ ખાતે અનસ્ટોપેબલ વોરિયર્સ ટ્રસ્ટ દ્વારા દ્વિતિય સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ સમૂહલગ્નમાં ૧૧ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. સંતો મહંતો અને રાજકીય સામાજીક અગ્રણીઓ સમૂહ લગ્નમાં ઉપસ્થિત રહ્યા હતા. લગ્નમાં અનેક દાતાઓએ પોતાની કિંમતી ધનરાશિ અર્પણ કરેલ હતી નવદંપતિઓને કરિયાવર પેટે અનેક વસ્તુઓ આપવામાં આવી હતી. તેમજ નવદંપતિઓને જીવનમાં ઉપયોગી એવી ભગવદગીતાની પણ ભેટ આપવામાં આવી હતી. આ સમુહ લગ્ન સાથે સંસ્કાર બ્લડ બેંક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નમાં તમામ દાતાઓ અને મોરબીના તમામ પત્રકારોનું સન્માન કરાયું હતું.

અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ બહેનો સંચાલિત ગ્રુપ છે ગ્રુપની બહેનો વર્ષ દરમિયાન અનેક સેવાકિય પ્રવૃતિઓ કરે છે. જન્મદિવસની અનોખી રીતે ઉજવણી, બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા, બહેનો માટે વોકેશનલ ટ્રેનિંગ વ્યવસાયિક શિક્ષણ, જરૂરિયાતમંદ લોકોની મદદ, ૨૪સ૭ કલાક ઇમરજન્સી બ્લડની વ્યવસ્થા સહિતની અનેક સેવાના કાર્યો કરી રહી છે. ત્યારે અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલનો જન્મદિવસ હોય અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના હંમેશા જન્મદિવસને અનોખી રીતે ઉજવવા ઉદ્દેશ રહ્યો છે.તેમના જન્મદિવસ નિમિત્તે ૧૧ દિકરીઓના સમૂહ લગ્ન, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રુપની બહેનો તથા સમગ્ર ટીમની રાત-દિવસની મહેનતથી સમૂહ લગ્નનું સુંદર અને સફળ આયોજન થયું હતું.આ પ્રસંગે નકલંકધામ બગથળાના સંત દામજી ભગત અને મોરબી- માળિયાના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા,ગિરિશભાઈ સરૈયા તેમજ નિવૃત ફૌજીઓએ ઉપસ્થિત રહી નવ દંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા. ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હોય શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન મોરબીના જાણીતા અને માનીતા એંકર દિનેશભાઈ વડસોલાએ કર્યું હતું.

## જામનગરમાં નશીલા પદાર્થ મેફેડ્રોનના પાઉડર સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રંગમતી સોસાયટીમાં નશીલા પદાર્થ મેફેડ્રોનના પાઉડરનું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી એક શખ્સને મેફેડ્રોન પાઉડર સાથે ઝડપી લીધો છે.આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે, જામનગરના રંગમતી સોસાયટી પાસે રહેતો ઈમ્તીયાઝ જુસબભાઈ ખેરાણી નામનો શખ્સ નશીલા પદાર્થ મેફેડ્રોન પાઉડરનું વેચાણ કરી રહ્યો છે તેવી બાતમીના આધારે એસઓજી પોલીસે ઘટનાસ્થળે દરોડો પાડયો હતો. જ્યાં ઈમ્તીયાઝ ખેરાણીની તલાશી લેતાં તેમના કબ્જામાંથી ૨.૮૦ લાખની કિંમતનો ૨૮ ગ્રામ મેફેડ્રોન નામનો પાઉડર મળી આવ્યો હતો. આથી પોલીસે મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી તેમની સામે એનડીપીએસ એક્ટ હેઠળનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



# કેકેવી ચોક મલ્ટી લેવલ ફલાય ઓવર બ્રિજનું પ.પૂ. રમેશભાઈ ઓઝાના હસ્તે 'શ્રી રામબ્રિજ' નામકરણ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમહાનગરપાલિકા દ્વારાશહેરના કે.કે.વી ચોક, કાલાવડ રોડપરનવનિર્મિતકોટેચા ચોકથી આત્મીય યુનીવર્સીટી તરફ જતાસૌરાષ્ટ્ર અને રાજકોટશહેરના પ્રથમ મલ્ટીલેવલ ફ્લાયઓવર બ્રિજનું''શ્રી રામ બ્રીજ''તરીકે નામકરણ કરવામાં આવેલ છે, અને આજેતા.૨૨/૦૧/૨૦૨૪ને સોમવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે ભાગવત કથાકાર પ.પુ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે નામકરણતકતીનુંઅનાવરણકરવામાં આવ્યું હતું.આ તકે કાર્યક્રમ અધ્યક્ષ તરીકે મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિતરહ્યા હતા.તેમજ આ કાર્યક્રમમાંકેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા,રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,પ્રદેશભાજપઉપાધ્યક્ષડો ભરતભાઈ બોઘરા,સાંસદ મોહનભાઈ કુંડારીયા અનેરામભાઈ મોકરિયા, ધારાસભ્ય ડો. દર્શીતા શાહ અને રમેશભાઈ ટીલાળા,ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, દંડક મનીષભાઈ રાડિયા,શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા,ડો. માધવ દવે,મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડિયા,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પૂજારા, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ,શહેર ભાજપ ઉપ પ્રમુખ કાશ્મીરાબેન નથવાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસુલ તથા પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજતા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે જિલ્લાના મહેસુલ તથા પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.બેઠકમાં મંત્રીએ સૂચન કરતાં જણાવ્યું હતું કે ઉનાળાને લઈ જામનગર જિલ્લામાં પાણીની સમસ્યા ન સર્જાય તે માટે આગોતરું આયોજન હાથ ધરી માસ્ટર પ્લાન તૈયાર કરવો જરૂરી છે તેમજ સમયસર વહીવટી તથા તાંત્રિક મંજૂરીઓ મેળવી લોકોપયોગી કામગીરી હાથ ધરવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું. સૌની યોજના, નલ સે જલ યોજના વગેરે થકી પૂરતા પ્રમાણમાં હાલ પાણી મળી રહ્યું છે તેમ છતાં ભવિષ્યમાં પાણીની તંગીનો સમય ઊભો થાય તો લોકોને મુશ્કેલી ન પડે તેથી સમગ્ર જિલ્લાને આવરી લેતું આગોતરું આયોજન હાથ ધરવું જરૂરી છે.મહેસુલ વિભાગના પ્રશ્નો પરત્વે મંત્રએ જણાવ્યું હતું કે રી-સર્વેના પ્રશ્નોના ઉકેલ માટે સરકાર દ્વારા યોગ્ય મશીનરી તથા સ્ટાફ ફાળવવામાં આવતા કામમાં ગતિ જોવા મળી રહી છે. આગામી સમયમાં પણ આ પ્રમાણે જ ઝડપી કામગીરી હાથ ધરી અરજદારોના પ્રશ્નનો વહેલી તકે ઉકેલ લાવવા તેમજ બિનખેતી, ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓને જમીન ફાળવણી, ગામ તળનો પ્રશ્ન, જમીન નિમ કરવી તેમજ સમાજના વિકાસ માટેના જમીન અંગેના પ્રશ્નો પર ઝડપી કાર્યવાહી હાથ ધરવા મંત્રીશ્રીએ લગત અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું.આ બેઠકમાં જિલ્લા કલેક્ટર બી.એ. શાહ, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રેયાંશ હરદયા, ડી.આઈ.એલ.આર. સુશ્રી ફોરમ કુબાવત સહિત લગત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# જામનગર જિલ્લામાં મતદાન જાગૃતિ માટે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી બી.એ.શાહે EVM ડેમોન્સ્ટ્રેશન વાનને કરાવ્યું પ્રસ્થાન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, આગામી લોકસભાની ચૂંટણીમાં જામનગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે નાગરિકોમાં જાગૃતિ કેળવવા જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી બી.એ.શાહ દ્વારા ફ્લેગ ઓફ કરી ઊટખના લાઈવ ડેમોન્સ્ટ્રેશન અનેઓડિયો-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ LED વાનનું કલેક્ટર કચેરી ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.જિલ્લામાં આ જાગૃતિ વાન દ્વારા નિશ્ચિત રૂટ પર EVMના લાઈવ ડેમોન્સ્ટ્રેશનની સાથે સાથે મતદારોને પોતાના મતાધિકારના ઉપયોગ અંગે પ્રેરિત કરાશે.મતદારો મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં જ મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમિયાન મતદાર નોંધણીની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.ખાસ કરીને શહેરી મતદારો, મહિલા મતદારો અને યુવા મતદારોમાં મતદાન પ્રત્યે ઉદાસીનતા દૂર કરવા માટે તથા મતદાન જાગૃતિ માટે SVEEP એક્ટિવિટી હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે આ મોબાઈલ વાન, મતદાન જાગૃતિ માટે મતદાન મથકોએ જઈને મતદાન જાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરશે.અત્રે નોંધનીય છે કે ગત લોકસભા ચૂંટણીમાં ૫૦% થી ઓછું મતદાન ધરાવતા તથા જ્યાં પુરુષો અને મહિલાઓના મતદાનનો તફાવત ૧૦% થી વધુ હોય તેવા મતદાન મથકોમાં મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે અને સમગ્રતયા રાજ્યમાં મતદાનની ટકાવારી વધે તે માટે મતદાન જાગૃતિના ઓડિયો.વિડિયો તથા હોર્ડિંગ્સનું નિદર્શન આવી LED વાન પર કરવામાં આવનાર છે.જામનગર જિલ્લાને ફાળવવામાં આવેલી આ કઊિઉ મોબાઈલ વાન દ્વારા જિલ્લાના દૂધ મંડળી અને ગામના ચોરા જેવા ગ્રામ્ય વિસ્તાર તથા કોલેજ, GIDC વિસ્તાર અને બગીચા જેવા શહેરી વિસ્તારોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઝેડ. વી.પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી અવનીબેન હરણ સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહી ઊટખ ડેમોસ્ટ્રેશન મતદાર જાગૃતિ વાનનું પ્રસ્થાન કરાવ્યું હતું.







# મોરબી પત્રકાર એસોસિયેશન દ્વારા શ્રી રામ મહેલ મંદિરમાં યોજાયેલ વિશ્વ શાંતિ સરસ્વતી મહાયજ્ઞ સંપન્ન

**મુખ્ય સમાચાર, મોરબી**

તા.૨૨ જાન્યુઆરી ના રોજ અયોધ્યા મુકામે પ્રભુ શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવા જઈ રહ્યો છે ત્યારે ઠેર ઠેર ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે અને આ સમગ્ર ઉત્સવ ને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને વિશ્વ ભરમાં કાયમી શાંતિ સ્થાપિત થાય તે હેતુથી મોરબીમાં પણ પત્રકાર એસોસિયેશન દ્વારા મોરબીના ઐતિહાસિક શ્રી રામ મહેલ મંદિર ખાતે વિશ્વ શાંતિ સરસ્વતી મહા યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું હતું.





મોરબીમાં ઐતિહાસિક શ્રી રામ મહેલ મંદિર ખાતે મોરબી પત્રકાર એસોસિયેશન દ્વારા વિશ્વ શાંતિ સરસ્વતી મહાયગ્નનુ આયોજન કરાયું હતું અને આ યજ્ઞમાં મોરબી પત્રકાર એસોસિયેશનના પ્રમુખ સહિતના તમામ હોદેદારો અને સભ્યો સાથે મોરબી જિલ્લા કલેકટર જી. ટી.પંડ્યા, મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ટંકારા ધારાસભ્ય દુલર્ભજીભાઈ દેથરિયા તેમજ પૂર્વ મંત્રી બ્રીજેશભાઈ મેરજા તેમજ રાજકીય અગ્રણીઓ મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખ હરેશભાઈ બોપાલિયા અને વિનોદભાઈ ભાડજા તેમજ બિલ્ડર એસોસિએશનના પ્રમુખ સંતોષભાઈ શેરસિયા, મોરબી એસઓજી પીઆઈ એમ. પી .પંડ્યા,મોરબી તાલુકા પીઆઈ કે. એ.વાળા,મોરબી સીટી બી ડિવિઝન પીઆઈ પી. એ.દેકાવડિયા તેમજ એલસીબી પીએસઆઈ એન.એચ.ચુડાસમા, આઇબી પીએસઆઈ રાજદીપસીહ પરમાર, તેમજ મોરબી જિલ્લા ભાજપના મંત્રી નીરજભાઈ ભટ્ટ, મોરબી તાલુકા ભાજપના અરવિંદભાઈ વાંસદડિયા, જીગ્નેશભાઈ કૈલા, બ્રહ્મસમાજના યુવા અગ્રણી ચિંતનભાઈ ભટ્ટ, વિશ્વ હિન્દુ પરિષદના મંત્રી ભાવિકભાઈ ભટ્ટ હોદેદારો તેમજ હિન્દુ યુવા વાહીનીના કમલેશભાઈ બોરીચા, ચિન્ટુ ભાઈ પાટડિયા અને અંકિત કેલા સહિતના તેમજ માર્ગ અને મકાન વિભાગના હિતેશભાઈ આદ્રોજા, સ્વામિનારાયણ સંસ્થાના મહંતશ્રી અને બગથળા નકળંક ધામના મહંત શ્રી દામજી ભગત, ઇઅડજ સંસ્થાના સંત પૂજ્ય હરિસ્મરણ સ્વામી અને અનંતપ્રેમ સ્વામી. શ્રી સ્વામીનારાયણ મંદિર સંસ્કારધામ મોરબી. દિવ્યપ્રકાશ સ્વામી અને દેવ સ્વામી નિર્મલભાઈ જારીયા પ્રમુખ બંસીપંચ મોરચો, જિલ્લા ભાજપ મોરબી, મંહત ગુલાબગીરી ગોસ્વામી પ્રમુખશ્રી મોરબી દશનામ ગોસ્વામી સમાજ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ભવ્ય મહાયજ્ઞ યોજીને પ્રભુશ્રી રામની મહાઆરતી યોજી હતી અને ૨૨ જાન્યુઆરીના રોજ યોજાનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય અને સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય તેવી પ્રાર્થના કરી હતી તેમજ જાહેર જનતાએ પણ આ મહાયજ્ઞમાં આહુતિ આપવાનો લ્હાવો લીધો હતો.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે પત્રકાર એસોસિએશન ના પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામી, ઉપપ્રમુખ રવી ભાઈ ભડાનીયા, મહામંત્રી ભાસ્કર ભાઈ જોશી,સહમંત્રી આર્યનભાઈ સોલંકી ખજાનચી પંકજ ભાઈ સનારિયા એ ભારે જહેમત ઉઠાવી જેમાં મોરબી પત્રકાર એસોસિએશન કારોબારી સભ્ય અતુલભાઈ જોશી, ઋષિભાઈ મહેતા, સંદીપ વ્યાસ તેમજ સભ્ય અલ્પેશભાઈ ગોસ્વામી,પ્રવીણભાઈ વ્યાસ, ધર્મેન્દ્ર વ્યાસ,જીગ્નેશભાઈ ભટ્ટ, હિમાંશુ ભાઈ ભટ્ટ, હરનિશભાઈ જોશી, મહેન્દ્રસિંહ જાડેજા એ ઉપસ્થિત રહી યજ્ઞમાં હાજરી આપી હતી.

# જામનગર તાલુકાના ખીજડીયા ગામે ૬૬ કેવી સબસ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજયના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલના વરદ હસ્તે જામનગર તાલુકાના ખીજડીયા ગામે ૬૬ કેવી સબસ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ આયોજિત લોકાર્પણના કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યું હતું કે, ખીજડિયા ગામમાં વિશ્વ પ્રસિદ્ધ રામસર સાઇટનો દરરજો મળેલ પક્ષી અભયારણ્ય આવેલું છે, જામનગર રાજકોટ હાઇવર પર અનેક નાના મોટા ઉદ્યોગો વિકસી રહ્યા છે તેમજ કોર્પોરેશનનો વોટર પ્લાન્ટ પણ અહીં આવેલ હોવાથી હવે સબસ્ટેશન થકી આ જગ્યાઓ પર ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પહોચાડી શકાશે. ગુજરાત સરકારે આયોજનબદ્ધ કામો મંજૂર કર્યા જેના થકી ઉર્જાવાન ગુજરાત બની રહ્યું છે. ગુજરાતના ગામડાઓમાં અગાઉ વીજકાપ જીવનનો એક ભાગ બની ચૂક્યો હતો. હવે ગુજરાતના ગામડાઓમાં પણ લોકોને ૨૪ કલાક વિજળી મળી રહી છે. વીજળીના અભાવની પરિસ્થિતિને પલટાવી ઊર્જા ક્ષેત્રે ગુજરાતને આગળ લાવવા માટે ગુજરાત સરકારે અંતરિયાળ વિસ્તારના માનવીને સતત વીજ પુરવઠો પૂરો પાડી ગુજરાતને ઉર્જા ક્ષેત્રે અગ્રિમ બનાવવા માટે જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકી. જેના થકી ગુજરાતના ગામડાઓમાં વિજળી પહોચી. જામનગર જિલ્લાના નાનામાં નાના ગામડાથી માંડીને ગુજરાતના ગામડાઓને ૨૪કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો પ્રાપ્ત થયો છે. ખીજડિયા સબ સ્ટેશન થકી આજુબાજુના ઉદ્યોગોને વીજ પુરવઠો મળી રહેતા ગામડાના લોકોને ઉદ્યોગ ક્ષેત્રે રોજગારી મળી રહેશે. ગુજરાત પવનચક્કી મારફતે અને સૌરઊર્જા થકી વીજળી પ્રાપ્ત કરી રહ્યું છે. ખેડૂતોને ખેતી કરવા માટે વીજ કનેક્શન મળી રહ્યા છે અને આવનારા સમયમાં ખેડૂતોને દિવસે પણ વિજળી મળી રહે તે દિશામાં સરકાર કામગીરી કરી રહી છે. રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે સરકારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦ લાખ જેટલા ખેડૂતોને વીજબીલમાં રાહત માટે રૂ.૮૩૨૪.૯૮ કરોડની સબસિડીની સહાય આપી છે. મીટર આધારિત વીજબીલ માટે ખેડૂતો પાસેથી પ્રતિ યુનિટ વીજદર માત્ર ૬૦પૈસા રાખવામાં આવ્યો છે જેમાં ૧૬વર્ષથી કોઇ વધારો થયો નથી. સરકારની દૂરંદેશિતાનાં પરિણામે ગરીબી રેખા નીચે જીવતા નાગરિકોને વીજ કનેક્શન મળતા છેવાડાના માનવીના ઘરમાં અંજવાળું પથરાયું છે.આ કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, આ સબ સ્ટેશનથી આજુબાજુના વિસ્તારમાં આવેલા રહેણાંક, વાણિજ્ય અને પાણી પુરવઠા તથા ૬ ગામના લાભાર્થીઓને સતત ગુણવતાસભર વીજળી પુરી પાડી શકાશે. અંતરિયાળ વિસ્તારના માનવીને વીજ પુરવઠો પૂરો પાડી ગુજરાત ઊર્જા ક્ષેત્રે ઝળહળતું બની રહ્યું છે. ગુજરાતનો ૧૬૦૦કિમી લાંબો દરિયાકિનારો પવનઊર્જા માટે આશીર્વાદરૂપ હોવાથી પવન ઊર્જા ઉત્પાદનમાં આપણું રાજ્ય દેશમાં બીજા ક્રમે છે. જેમાં જામનગર સહિત સૌરાષ્ટ્રનો નોંધપાત્ર ફાળો છે. જામનગરમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો આવેલા છે ત્યાં પૂરતા પ્રમાણમાં વીજ પુરવઠો સપ્લાય કરવામાં અને આજુબાજુમાં વિકસી રહેલા ઉદ્યોગોને વીજ કનેક્શન પૂરું પાડવામાં સબ સ્ટેશન ઉપયોગી નિવડશે. ખીજડીયામાં નવા સબ સ્ટેશનના નિર્માણથી આજુબાજુના વિસ્તારો ઝળહળી ઉઠ્યા છે. જામનગર સહિત રાજ્યભરમાં સોલાર પેનલની સુવિધા પૂરી પાડવામાં આવતા વિજળી પર થતો ખર્ચ ઓછો થતાં નાગરિકોને સુખકારી સાથે આર્થિક ખર્ચ પણ ઓછો થઈ રહ્યો છે. ત્યારે ખીજડીયામાં પણ ૬૬ કેવી સબ સ્ટેશન થકી ખેડૂતો અને ગ્રામજનોને ફાયદો થશે તે બદલ સંસદએ ગ્રામજનો અને પીજીવીસીએલ તેમજ જેટકોને અભિનંદન પાઠવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે ૬૬ કે.વી. ખીજડિયા સબ સ્ટેશનના નિર્માણમાં રૂ.૮૬૦ લાખનો ખર્ચ થયો છે જે ૪૯૦૦ ચો.મી. વિસ્તારમાં ઉભું કરવામાં આવ્યું છે. સબ સ્ટેશનની કુલ સ્થાપિત ક્ષમતા ૩૦ એમ.વી.એ. છે. સબ સ્ટેશનમાં ૫ ફિડરો જેમાં ૧૧કે.વી. ખીજડિયા ફિડર, ધુવાવ ફિડર, જી ડબ્લ્યુ આઈ એલ ફિડર તેમજ ભવિષ્યમાં વિશ્રામ ફિડર અને ખીમરાણા ફિડર નીકળવાથી ખીમરાણા, શેખપાટ, જાંબુડા, સચાણા, ધુવાવ અને ખીજડિયા ગામના લોકોને લાભ મળશે.


આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, જિલ્લા પંચાયત સદસ્ય નંદલાલભાઈ ભેસદડીયા, જેટકોના મુખ્ય ઇજનેર એ.બી.રાઠોડ, રાજકોટ વર્તુળના અધિક મુખ્ય ઇજનેર એસ.જી.કાજીયા , જેટકોના સુપ્રિટેન્ડેન્ટ જી.જી.માલાસણ, પી.જી.વી.સી.એલ. સુપ્રિટેન્ડેન્ટ વાય.આર. જાડેજા, તાલુકા પંચાયતના સદસ્યો, અગ્રણીઓ મુકુન્દભાઈ સભાયા, કાનજીભાઇ પરમાર, પીજીવીસીલ અને જેટકોના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







# રાજકોટમાં ભગવાન રામને વધાવવા ચોકે ચોકે રંગોળી પૂરાઈ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે ભગવાન રામને વધાવવા સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તે પ્રસંગે રાજકોટમાં ઉત્સાહ ઉમંગ અને ઉલ્લાશનું વાતાવરણ યોજાયું છે. ભગવાન શ્રીરામનું મનમોહી લેનાર મૂર્તિ સામે આવી છે. રાજકોટમાં પણ દિવાળીની જેમ સમગ્ર શહેરને રોશનીથી શણગારવામાં આવ્યું છે. સમગ્ર શહેરમાં ઘરેઘરે તેમજ ચોકેચોકે રંગોળી પૂરાય છે. ઈમારતોને લાઈટીંગનો અનોખો શણગાર કરાયો છે.

# રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની રાજકોટમાં ભવ્ય ઉજવણીઃબન્યું રામમય














(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે અયોધ્યા નગરીમાં ભગવાન રામલલ્લાની મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો. આજે આ પ્રસંગે રાજકોટમાં પણ દિવાળી જેવો માહોલ છવાયો હતો. શહેરના રાજમાર્ગો પર રામજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ઠેરઠેર ધજાપત્તાકા સાથે રંગોળી કરાઈ હતી. ચિત્રનગરીના કલાકારો દ્વારા કેકેવી ચોકના બ્રીજ નીચે સુંદર ચિત્ર દોરી આ ઉત્સવમાં રંગ પૂરાયા હતા. શહેરીજનોએ ફટાકડા ફોડી લોકોના મોં મીઠા કરાવ્યા હતા.

# ભગવાન રામલલ્લાના આગમનને વધાવવા સરકારી કચેરીઓ બંધ રહી






(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભગવાન રામના પુનઃપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને વધાવવા આજે રાજકોટ સહિત રાજ્યભરની તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કચેરીઓએ અર્ધા દિવસનું બંધ પાડયો હતો. સવારે સરકારી કર્મચારીઓએ ભગવાનના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં હિસ્સો બની શકે તે હેતુથી રાજ્ય સરકાર તેમજ કેન્ સરકાર દ્વારા સવારના અર્ધા દિવસની રજા જાહેર કરાઈ હતી. જેને પગલે રાજકોટમાં કલેક્ટર કચેરી, મહાનગપાલીકા, બહુમાળીભવન સહિતની સરકારી કચેરીઓમાં રજા જોવા મળી હતી.

# રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પગલે રાજકોટમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જાન્યુઆરીના રોજ અયોધ્યામાં ભવ્ય રામ મંદિર પ્રાણ- પ્રતિષ્ઠા મહોત્સવને પગલે રાજકોટમાં પણ ઉજવણી થવાની છે. સરકારી કચેરીઓમાં અર્ધા દિવસની રજા જાહેર થઈ છે. પરંતુ પોલીસ જવાનો આ મહોત્સવ દરમિયાન કોઈ અઈચ્છનીય બનાવ ન બને તે માટે ખડેપગે રહેશે. ૧૦૦૦થી વધારે જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળી માહિતી મુજબ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશનર વિધિ ચૌધરી, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ઝોન ૧ સજનસિંહ પરમાર, ડીસીપી ઝોન ૨ સુધીર દેસાઈ, ટ્રાફિક ડીસીપી પૂજા યાદવની સૂચનાથી બંદોબસ્ત પ્લાન ગોઠવાયો છે. જેમાં ૪ ડીસીપી કક્ષાના અધિકારી, ૭ એસીપી કક્ષાના અધિકારી, ૧૫ પીઆઈ કક્ષાના અધિકારી, ૫૫ પીએસઆઇ કક્ષાના અધિકારી, ૫૦૦ જેટલા એએસઆઈ - હેડ કોન્સ્ટેબલ - કોન્સ્ટેબલ, ૧૮૦ હોમગાર્ડ ખડેપગે રહેશે. ૩૫૦ ટીઆરબી જવાનો પોતાની સામાન્ય ડ્યુટી સાથે વિશેષ બંદોબસ્તમાં પણ જોડાશે.

ક્રાઈમ વિશાલ રબારી, એસીપી ટ્રાફિક જયવીરદાન ગઢવી, એસીપી સર્વે ભાર્ગવ પંડ્યા, બી.વી.જાધવ, આર.એસ. બારીયા, બી.જે.ચૌધરી, એમ.આઈ. પઠાણ, ક્રાઈમ બ્રાંચ પીઆઈ વાય.બી. જાડેજા, બી.ટી. ગોહિલ, એસઓજી પીઆઈ જે.ડી. ઝાલા, પી.સી.બી. પીઆઈ એમ.બી. નકુમ, સ્પે.શાખા પીઆઈ એસ.એસ. રાણે, જુદા જુદા પોલીસ મથકના પીઆઈ સર્વે એ. ડિવિઝન ડી.એમ. હરિપરા, બી. બી.એમ.ઝણકાટ, થોરાળા ભક્તિનગર એમ.એમ. સરવૈયા, માલવીયા એ.બી.જાડેજા, પ્ર. નગર એમ.આર. ગોંડલીયા, ગાંધીગ્રામ એમ.જી. વસાવા, રાજકોટ તાલુકા વી.આર.પટેલ, કુવાડવા રોડ ડો.એલ.કે. જેઠવા, સાયબર બી.ટી. અકબરી, મહિલા એન.એચ. મોર, યુનિવર્સિટી ગાંધીગ્રામ - ૨ બી.પી. રજયા, આજીડેમ એલ.એલ. ચાવડા, એરપોર્ટ જે.એસ.ગામીત વગેરેને આ મહોત્સવની ઉજવણીને લઈ વિશેષ સૂચનાઓ અપાઈ છે.

## મનહરપરામાં વિદેશી દારૂ ભરેલી રિક્ષા, એકટીવા કબ્જે કરાઈઃ બુટલેગર ફરાર

### થોરાળા પોલીસે દરોડો પાડી ૩૩૫ બોટલ દારૂ સહિત કુલ રૂા.૬.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા પોલીસે બાતમી આધારે મનહરપરા ૪માં દરોડો પાડી વિદેશીદારૂની ૩૩૫ બોટલો અને વાહન મળી કુલ કિ.રૂ.૬, ૨૮,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ફરાર બુટલેગર યશ લેખરાજભાઈ શર્માની શોધખોળ હાથ ધરી છે.

વિગતો મુજબ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ તથા અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરીની સૂચનાથી પો.ઇન્સ. બી.એમ ઝણકાટ તથા સ્ટાફના માણસો સાથે વિસ્તારમાં પેટ્રોલીંગ ગમામાં હતાં ત્યારે એ.એસ.આઈ રાજેશભાઈ મેર તથા પો.હેડ.કોન્સ. પ્રકાશભાઈ ખાંભરાને સંયુક્ત રીતે બાતમી મળી હતી મનહરપરા શેરી નં ૪, ચામુંડા પાનની સામે ખુલ્લા પટમાં હનુમાનજીના મંદિરની બાજુમાં વેદિશી દારૂની હેરાફેરી થઈ રહી છે.જેથી સ્ટાફને દરોડો પાડી વિદેશીદારૂની ૩૩૫ બોટલો,કાર, રીક્ષા, એક્ટિવા સહિત ૬.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અને આકાશદીપ સોસાયટીમાં રહેતા યશ લેખરાજભાઇ શર્મા નામનો બુટલેગર નાસી જતાં તેની શોધખોળ હાથધરી છે.

## યુવરાજનગરમાં પત્નીના વિયોગમાં પતિનો ગળાફાંસો ખાઈ આપઘાત

### આપઘાત પૂર્વે યુવાને વિડિયો બનાવી પરિવારને કહ્યું મને મારી કાજલ બોલાવે છે, હું જાવ છું મને અગ્નિ સંસ્કાર આપજો મારા અને કાજલના ફૂલ દામોકુંડમાં પધરાવજો



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે બાયપાસ રીંગ રોડ પર આવેલા યુવરાજનગરમાં પત્નીના વિયોગમાં પતિએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવના પગલે આજીડેમ પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બાયપાસ રીંગ રોડ પાસે આવેલા યુવરાનગરમાં રહેતો અનિલ ભુપતભાઈ ડાભી (ઉ.વ.30)નામના યુવાને ગઈકાલે મોડીરાત્રીના પોતાના છાપરામાં લાકડાની આડીમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વહેલી સવારે બનાવની જાણ થતા પરિવારજનોએ આજીડેમ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે આપઘાત કરના અનિલ ભંગારની મજૂરીકામ કરતો હોય પાંચ ભાઈ અને ચાર બહેનમાં તે વચ્ચેટ હતો. તેના લગ્ન ચાર વર્ષ પહેલા કાલાવડના મૂળીલા ગામની કાજલ સાથે લગ્ન થયા હતા. આઠ દિવસ પહેલા કાજલે સંતાન પ્રાપ્તી નહીં થતા ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી નાખ્યું હતું. આ ઘટના બાદ પત્નીના વિયોગમાં અનિલે ગઈકાલે રાત્રીના પોતાના મોબાઈલમાં વિડિયો બનાવી પરિવારને જણાવ્યું હતું કે મને મારી કાજલ બોલાવે છે. હું જાવ છું મને અગ્નિ સંસ્કાર આપજો મારા અને કાજલના ફૂલ ડામોકૂંડમાં પધરાવજો તેવો વિડિયો બનાવી યુવાને મોડી રાત્રીના જીવનલીલા સંકેલી લીધી હતી.

## સ્વામિનારાયણ ચોકમાં ફરસાણના વેપારીના મકાનમાંથી રૂા.૫.30 લાખની ચોરી કરનાર બનેવી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રાજકોટમાં સ્વામીનારાયણ ચોકમાં રહેતા કિન્નરના મકાનના તાળા તોડી તિજોરીમાંથી રોકડ રૂ.૫.૩૦ લાખની ચોરી તેના બનેવી જ કર્યાં હોવાનું સામે આવ્યું છે.જે મામલે માલવિયા પોલીસના પી.એસ.આઇ મહેશ્વરી દ્વારા આરોપીની એસ.ટી વર્કશોપ પાસેથી ધરપકડ કરી તમામ રોકડ કબજે કરી છે.



વિગતો મુજબ સ્વામીનારાયણ ચોકમાં મોમાઈ ફરસાણ સામે અંબાજી કડવા પ્લોટ પાસે ભાડે મકાનમાં રહેતા કિન્નર કમલેશભાઈના મકનામાં ગત તા. ૧૯/૦૧ના રોજ રૂ.૫.૩૦ લાખ રોકડની ચોરી થયા હોવાની ઘટના માલવિયા પોલીસમાં સામે આવી હતી.જે મામલે પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસતા તેમાં ફરિયાદીના બનેવી જીતુભાઈ નાનજીભાઈ સાપરા જ ચોરીને અંજામ આપ્યા હોવાનું જણાવતા તેને એસટી વર્કશોપ પાસેથી માલવિયા પોલીસની ટીમે ધરપકડ કરી હતી.અને તેની પાસેથી ચોરી થયેલ તમામ રકમ કબજે કરી છે. જ્યારે આ ચોરીને અંજામ આપ્યા બાબતે માલવિયા પોલીસે તેની પૂછપરછ કરતા તેને કબુલાત આપી હતી કે તેની દીકરીના લગ્ન નજીક હોવાથી તેને ઘરેણાની ખરીદી કરવાની હતી પણ પોતાની પાસે પૈસા ન હોવાથી તેને ચોરીનો રસ્તો અપનાવ્યો હતો.

## ત્રિશૂલ ચોક રેલનગરમાં યુવકને અને લાપાસરી ગામે મહિલાને હૃદયરોગના હુમલાથી મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રિશૂલ ચોક અને રેલ નગરમાં યુવકને અને લપાસરી ગામે મહિલાને હૃદય રોગનો હુમલો જીવલેણ સાબિત થતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ પ્રથમ બનાવની વિગતો અનુસાર સહકાર મેઇન રોડ પર આવેલ ત્રીસુલ ચોકમાં નારાયણ નગરમાં રહેતા અને પ્રિન્ટિંગ પ્રેસની ઓફિસ ધરાવતા મિતભાઈ અજીતભાઈ ભાડેસ ભાડેસીયા નામના ૨૬ વર્ષીય યુવક પોતાના ઘરે હતા.ત્યારે તેમને અચાનક છાતીમાં દુખાવો પડતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેનું હાર્ટ ૧ એટેકથી મોત નિપજ્યું હતું. જેથી તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.



બીજા બનાવમાં રેલ નગરમાં આવેલા આસ્થા ચોકમાં રહેતા ઉપમન્યુભાઈ અશોકભાઈ રાવલ નામના ૨૧ વર્ષીય યુવક ગઈકાલે રાત્રિના પોતાના ઘરે સૂતો હતો ત્યારે સવારે તેના પરિવારજનો એ ઉઠાડતા તે બેભાન હાલતમાં હાલતમાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યાં તેનું ટૂંકી સારવારમાં મોતની નિપજ્યું હતુ અને તબીબોએ

તેને હૃદય રોગનું હુમલો આવ્યો હોવાનું પ્રાથમિક તારણ આપ્યું હતું.અને ત્રીજી ઘટનામાં રણુજા ખાતે રહેતા દયાબેન હકાભાઈ સોરાણી નામના ૩૮ વર્ષીય મહિલા લપાસરી ગામે મનોજ ભાઈની વાડીએ બેઠા હતા ત્યારે બેભાન થઈ ઢળી પડ્યા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

## પોલીસ અને સૌરાષ્ટ્ર યુનિ.એ એમઓયુ કર્યાઃ કોલેજોમાં ટ્રાફિક સમસ્યાના પાઠ ભણાવાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિ.ની હસ્તકની ૨૩૮ કોલેજોમાં ટ્રાફિક વિશે સીલેબસ ચાલશે. પોલીસ અને સૌરાષ્ટ્ર યુનિ.એ આ અંગે એમઓયુ કર્યા છે. આજે સૌરાષ્ટ્ર યુનિ. અને રાજકોટ શહેર પોલીસે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી આ અંગેની જાહેરાત કરી હતી. પ્રેસ કોન્ફરન્સને સંબોધતા પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે, શહેરમાં ટ્રાફિક સમસ્યા પોલીસ માટે પડકારરૂપ છે. ત્યારે સમસ્યાનો હલ કરવા માટે અને ટ્રાફિક પ્રત્યે યુવાનોમાં જાગૃતતા આવે તે માટે સૌરાષ્ટ્ર યુનિ. હસ્તકની ૨૩૮ કોલેજોમાં ટ્રાફિક અવેરનેસ કોર્ષ ચલાવવા નિર્ણય લેવાયો છે. આ માટે સૌરાષ્ટ્ર યુનિ.એ એમઓયુ કર્યા છે. આ પ્રેસ કોન્ફરન્સમાં કુલપતિ નિલાંબરી દવે, એડીસીપી વિધિ ચૌધરી, ડીસીપી ટ્રાફિક પુજા યાદવ અને સૌરાષ્ટ્ર યુનિ. તેમજ રાજકોટ શહેર પોલીસનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## આનંદનગર કોલોનીમાં ધંધાનો ખાર રાખી યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

### વાછકપર બેડીગામે જુગાર રમતા છ શખ્સોની ધરપકડઃરૂ.૨૧૫૦૦નો મુમાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલ આનંદનગર કોલોનીમાં પાનની દુકાન સામે ધંધાનો ખાર રાખી યુવાનને ત્રણ શખ્સોએ મારમારતા ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ આનંદનગર બ્લોક નં.૨માં રહેતો આશિષ જીતેન્ભાઈ તન્ના (ઉ.વ.૨૮)ના યુવાને ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આનંદનગર મેઈન રોડ પર તેને પાનની દુકાન ચાલુ કરી હોય જેથી ધંધાનો ખાર રાખી આશાપુરા પાનની દુકાનવાળા ક્રિપાલસિંહ તથા હિતેશ તથા મહિપાલ સહિતના ત્રણેય શખ્સોએ લાકડી અને ધોકા વડે હૂલો કરી મારમારી શરીરે ઈજા કરતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે ભક્તિનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ હિતેનસિંહ જાલાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં કુવાડવા રોડ પોલીસ મથકના પીએસઆઈ જે.ડી.વસાવા સહિતના સ્ટાફે વાછકપર બેડી ગામે જાહેરમાં જુગાર રમતો રામજી કમા વઢુકીયા, જીજ્ઞેશ ઉર્ફે પરાગ માવજી ડોડીયા, પ્રભુ અમૃતલાલ સોલંકી, મનસુખ કમા વઢુકીયા, ભુપત કરશન બાબરીયા, વિશાલ દેવજી જાદવ સહિત છ શખ્સોને દબોચી લઈ રોકડ તથા મોબાઈલ સહિત કુલ રૂ.૨૧૫૦૦ નો મુમાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રાજકોટની હોટલમાં કુંકાવાવના સરપંચે પરિણીતા પર ગુજાર્યો બળાત્કાર

### સોશ્યલ મિડિયા મારફતે ફસાવી કેફી પીણુ પાઈ નગ્ન ફોટા પાડી બ્લેકમેઈલ કરતો હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુંકાવાવ ગામના સરપંચે એક ૨૬ વર્ષીય પરિણીત મહિલાને સોશ્યલ મિડીયાની મદદથી પોતાની જાળમાં ફસાવી મળવા માટે બોલાવી ધારીના રિસોર્ટમાં લઈ જઈ કેફી પીણું પીવડાવીને બેભાન કરી બળાત્કાર ગુજાર્યો હતો અને બિભત્સ ફોટા પાડી લીધા હતા. તે પછી બ્લેકમેઇલ કરી ફરીથી ધારી અને રાજકોટમાં બળાત્કાર ગુજાર્યો હતો. અમરેલી સાયબર પોલીસે સરપંચ સામે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. હાલમાં આ સરપંચ ફરાર થઈ ગયો છે.

આ અંગેની માહિતી મુજબ બે વર્ષ પહેલા ૨૦૨૨ની સાલમાં મોટી કુંકાવાવ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે આરોપી સંજયભાઈ વિરજીભાઈ લાખાણી (નિવૃત ફૌજી) ચુંટાતા પરિણીત યુવતીએ પોતાના ઇન્સ્ટાગ્રામ ઉપરથી આરોપીના ઇન્સ્ટાગ્રામ આઇ.ડી. ઉપર કોંગ્રેચ્યુલેશન ભાઈનો મેસેજ કર્યા હતો. બાદ આરોપી તથા યુવતી વચ્ચે સામાન્ય મેસેજ કરી વાતચીત થતી હતી. આરોપીએ યુવતીને તું મને એકાતમાં મળવા આવ અને જો તું મને મળવા નહી આવ તો તારી અને મારી વચ્ચે થયેલ વાતચિત હું તારા પતિને બતાવીશ તેમ કહેતા પોતાનો ઘર સંસાર ભાંગવાની બીકના કારણે આરોપીના બોલાવ્યા મુજબ તા.૧/૦૯/૨૦૨૨ના રૂબરૂ મળતા આરોપીએ તેને તેની ગાડીમાં બેસાડી અને ધારી લીયોનીયા રીસોર્ટ ખાતે લઈ ગયો હતો. આ દરમ્યાન રસ્તામાં માઝા સોડા પાઈ અને હોટલના રૂમમાં લઈ ★જયન ગયો હતો. સોડામાં કેફી પીણું ' હોવાથી યુવતી બેશુધ્ધ થઈ જતાં આરોપીએ શરીર સંબંધ બાંધી અને નિર્વસ્ત્ર ફોટા તેના મોબાઇલમાં પાડી લીધા હતા. બાદમાં યુવતીને જો તું આ બનાવ બાબતે કોઈને જાણ કરીશ તો તારા આ નિર્વસ્ત્ર ફોટા સોશિયલ મીડીયામાં શેર કરીશ તેવી ધમકી આપી મજબ્બુરીનો લાભ ઉઠાવી યુવતી સાથે બે વખતે ધારી ખાતે આવેલ લીયોનીયા રીસોર્ટમાં શરીર સંબંધ બાધી તેમજ એક વખત સૃષ્ટી વિરૂધ્ધનુંકૃત્ય કર્યુહતુ. તા.૨૦/૧૨/૨૦૨૩ના આરોપીએ યુવતીનેને રાજકોટ શહેરમાં આવેલ કાવ હોટલની રૂમમાં લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ બે વખત શરીર સંબંધ બાધી બાદ આરોપીએ સોશિયલ મીડીયામાં તેને કીસ કરતો હોય તેવા ફોટા શેર કરી નિંવસ્ત્ર ફોટા આરોપીએ પોતાના મોબાઈલ ફોનમાં પાડેલ હોય જે બાબતે યુવતીના પતિએ આરોપીને ઠપકો આપતા આરોપીએ તેના પતિને ગાળો આપી, મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સાયબર પોલીસે સરપંચ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## નામચીન બુટલેગર યાકુબ મોટવાણીની પત્ની અને પુત્રએ ફરી લખણ ઝળકાવ્યા

### બજરંગવાડીમાં આવેલ સમ્સ વિદ્યાલયમાં ડખ્ખો કરી બે વિદ્યાર્થીઓને માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર બજરંગવાડી પાસે મોમીન સોસાયટીમાં સમ્સ વિદ્યાલયમાં કુખ્યાત બુટલેગર યાકુબની પત્નિ અને પુત્રએ ધમાલ મચાવી મહિલા પોલીસના ભાઈ પર હુમલો કરતા વચ્ચે પડેલા અન્ય એક વિદ્યાર્થીને પણ મારકૂટ કરતા ગાંધીગ્રામ પાલીસે તપાસ કરતા અગાઉ બુટલેગરના ઘેર મહિલા બુટલેગરે દારૂ અંગે દરોડામાં સાથે હોય જેનો ખાર રાખી હુમલો કર્યાનુ બહાર આવતા પોલીસે અલગ-અલગ બે ગુના નોંધી આરોપી ટોળકીને પકડી લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ બજરંગવાડી પાસેના પુનીતનગરમાં રહેતા અને એચ.એન.શુકલા કોલેજમાં ટી.વાય.બી.કોમમાં અભ્યાસ કરતો નવાજ મુસ્તાકભાઈ સુમરાએ ફરિયાદ હતી જેમા કરી હતી જેમા આરોપી તરીકે બિલ્કીસબેન અને તેનો પુત્ર કોનેન તેમજ બે અજાણ્યા શખસોના નામો આપ્યા હતા ફરિયાદમાં વધુ જણાવ્યુ હતુ કે બજરંગ વાડીમાં સમ્સ વિદ્યાલય ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા હોય કલાસીઝમાં હતા ત્યારે અંદર ઘૂસી લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો તેમજ તેને સમજાવવા જતા કોલેજીયન યુવાન પરસાણા નગરમાં રહેતો જુનેદ અનવરભાઈ ખીયાણીને પણ ધોકા-પાઈપ સાથે મારકૂટ કરતા જમાદાર બારડે તપાસ કરતા આરોપી મહિલા કૂખ્યાત બુટલેગરની પત્નિ અને તેનો પુત્ર હોવાનુ બહાર આવતા પોલીસે બે અલગ-અલગ ગુના નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

## શક્તિ સોસાયટીના કારખાનામાંથી રૂા.૧.૭૨ લાખના દાગીના ચોરી કરનાર કારીગર ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામા કાઠે શકિતસોસાયટીમા આર.એમ.હાઉસ નામે સોના-ચાંદીના દાગીના બનાવતા કારખાનામાંથી રૂ.૧.૭૨ લાખની કિંમતના દાગીનાની ચોરી થયાની ફરીયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી તપાસ કરતા સીસીટીવી ફુટેજમાં ચોરી કરતો શ્રમીક કેદ થઈ ગયો હોય પોલીસે તેને ઝડપી લઈ તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ કાલાવાડ રોડ પર સીલેનીયલ સ્કાય એપાર્ટમેન્ટમાં રહેતા અને શકિત સોસાયટીમાં દાગીના બનાવવાનુ કારખાનુ ચલાવતા સંદિપભાઈ રમેશચંન્દ્રભાઈ મંડલીએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે તેના કારખાનામાં એક વર્ષથી કામ કરતો સુનીલ પ્રવિણભાઈ રાતોજાનુ નામ આપ્યુ હતુ ફરીયાદ માં જણાવ્યુ હતુ કે ધંધાના હિસાબમાં કેટલાક સમયથી ચાંદીની ઘટ આવતી હોય જેથી તેને કામ કરતા શ્રમીકો પર વોચ રાખી હતી દરમ્યાન સીસીટીવી ચેક કરતા એકાદ માસ દરમ્યાન તેના કારખાનામાં પેકીંગ અને ફીટીંગ વિભાગમાં નોકરી કરતો સુનીલ ચાંદીની પાયલ તેના પેન્ટમાં છુપાવતો હોવાનુ જાણવા મળતા તેને બોલાવી પુછતાછ કરતા તેને ચોરી ન કર્યાનુ જણાવતા તેને ફરીયાદ કરી હોવાનુ જણાવતા પીએસઆઈ રાવલ સહિતના સ્ટાફે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી આકરી પુછતાછ કરતા તેને એકાદ વર્ષથી કોઈનુ ધ્યાન ન પડે તે રીતે છુપાવીને દાગીની ચોરી કરતો હોવાનુ રટણ કરતા પોલીસે તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT